ॐ

॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

**આત્મનો હિતાય જગતઃ સુખાય**



**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**


વર્ષ - ૩૮ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ) માનદ્ તંત્રી : મિનિષ પટેલ

VOL - 38, 2022-23 ISSUE-III Published on Every 3 Months


'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

## ઓમ્ પરિવારના ઉત્સવો

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
|---|---|---|
| મહાશિવરાત્રી નિમિત્તે | કુસુમ હરનાથ મંદિર, અમરેશ્વર મહાદેવની સામે, વારાહી દરવાજા, ઉમરેઠ–ડાકોર રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ. | ૧૯–૦૨–૨૦૨૩ રવિવાર સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ |
| હનુમાન જયંતી નિમિત્તે | અનિલભાઈ ગોવિંદભાઈ એન. પ્રજાપતિ સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ–૧૩. | ૯–૦૪–૨૦૨૩ રવિવાર સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ |
| ગુરુપૂર્ણિમા | કામનાથ મહાદેવ હૉલ લૉયેલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે, સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, નવરંગપુરા, અમદાવાદ–૯ | ૦૩–૦૭–૨૦૨૩ સોમવાર સવારે ૮.૦૦ થી ૨.૦૦ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | કામનાથ મહાદેવ હૉલ લૉયેલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે, સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, નવરંગપુરા, અમદાવાદ–૯ | ૦૮–૧૧–૨૦૨૩ બુધવાર સાંજે ૪.૩૦ થી ૮.૦૦ |
| બેસતુ વર્ષ | સુમન સજની હોલ સોમેશ્વર મહાદેવ પાસે, હિરાભાઈ ટાવર પાસે, ભાડવાતનગર મણીનગર, અમદાવાદ–૮ | ૧૪–૧૧–૨૦૨૩ મંગળવાર સવારે ૭.૦૦ થી ૮.૦૦ |
| શ્રી ગુરુદેવ જન્મ જયંતી મહોત્સવ | જ્યાં નક્કી થાય ત્યાં | ૨૬–૧૧–૨૦૨૩ રવિવાર સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ |
| શ્રી ગાયત્રીઅનુષ્ઠાન સાધનાશિબિર નિમિત્તે | 'નિર્વિકલ્પ મુક્તિધામ' નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર | ૩૧–૧૨–૨૦૨૩ રવિવાર સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ |

**નોંધ :** ઓમ્ ભગવાનની કૃપાથી, આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ ઊજવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. **ઉત્સવ વિશેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલાં મેળવી લેવી જરૂરી છે.** અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવના સ્થળે પહોંચવા માટે લક્ઝરી કે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં બસભાડાના પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે.
ફોન 079-27681487

ઉત્સવની તારીખ અને સ્થળ યાદ કરવા માટે આ પત્રિકાની સાચવણી જરૂરી છે.

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

## રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
## બહુજનહિતાય-બહુજનસુખાય

# ઓમ્‌પરિવારના ઉપક્રમે યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવના કાર્યક્રમમાં પ.પૂ.સદ્‌ગુરુદેવે આપેલ આશીર્વચન

**તા. ૧૩-૦૭-૨૦૨૨** **સંકલન : શશિકાન્ત પટેલ**

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ભારતીય સમાજમાં પહેરવેશ, ભાષા, તહેવારો, રિવાજો, માન્યતા વગેરેમાં સાંસ્કૃતિક વિવિધતા રહેલી છે. આ વિવિધતામાં પણ એક સમાનતા જોવા મળે છે. તે છે આ સર્વેમાં આપણી પ્રાચીન સનાતન ઋષિસંસ્કૃતિની અસર. ઋષિ સંસ્કૃતિના પાયામાં પરસ્પર પ્રેમ, સદ્‌ભાવ, સહિષ્ણુતા, કરુણા, સત્ય-ધર્મ પ્રત્યેનો લગાવ, ગુરુ-સંતો પ્રત્યે આદરભાવ વગેરે અનેક સદ્‌ગુણ રહેલા છે. સમાજની વિવિધતાપૂર્ણ સંસ્કૃતિમાં પણ આ પરિબળ વધતાઓછા અંશે જોવા મળે છે. એટલું જ નહીં પરંતુ દુનિયાની બધી જ સંસ્કૃતિમાં પણ આ સદ્‌ગુણોને એક યા બીજી રીતે આવરી લેવામાં આવ્યા છે. આમ આપણી પ્રાચીન સનાતન ઋષિ સંસ્કૃતિએ અન્ય સંસ્કૃતિનું પ્રેરક બળ છે. સનાતન ઋષિ સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય વચ્ચે પરસ્પર નાતો-સંબંધનું વિશેષ મહત્ત્વ રહેલું છે. ગુરુ-શિષ્ય આધ્યાત્મિક, સાત્ત્વિક સૂક્ષ્મ પ્રેમના અતૂટ બંધનથી બંધાયેલા હોય છે, જોડાયેલા હોય છે. આ નાતો સંસાર-વહેવારની લૌકિકતાથી પર અલૌકિક, દિવ્ય, આધ્યાત્મિક નાતો છે. આ ઋષિ સંસ્કૃતિમાં ઊજવાતું ગુરુપૂર્ણિમાનું પર્વ બીજાં તમામ પ્રકારનાં પર્વો જેવાં કે સામાજિક, રાષ્ટ્રીય, પ્રાદેશિક, ધાર્મિક વગેરે પર્વોથી આગવું વિશેષ મહત્ત્વ ધરાવે છે. ગુરુપૂર્ણિમાના દિવસે સદ્‌ગુરુદેવ શિષ્યની આધ્યાત્મિક પ્રગતિ માટે દરેક વખતે જુદા જુદા દૃષ્ટિકોણથી વિશેષ રૂપે અમૂલ્ય અને અફર સમજણ આપી શિષ્યનું કલ્યાણ કરવાની અહૈતુકી કૃપા વરસાવે છે. જોકે આ લોકકલ્યાણનું કાર્ય તેઓ સામાન્ય દિવસોમાં પણ અથાક રૂપે કરતા જ હોય છે. પરંતુ આ દિવસે તે વિશેષ રૂપે કરે છે. શિષ્યો પણ ગુરુપૂર્ણિમાના પર્વની ઉજવણી પ્રસંગે પ્રેમ, આનંદ, ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉપસ્થિત રહી ધન્યતાને અનુભવે છે. ઓમ્ પરિવારના ઉપક્રમે ઓમ્ પરમાત્માની અહૈતુકી કૃપા તથા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના અનંત આશીર્વાદથી ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. તે જ રીતે વિ.સં. ૨૦૭૮ તા. ૧૩-૭-૨૦૨૨ ને બુધવારે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ. તે પુનિત પ્રસંગે પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજે અસીમ કરુણા વરસાવતાં મનુષ્ય-જન્મનું મહત્ત્વ અને તેને સાર્થક કરવા અંગેની અમૂલ્ય સાચી સમજણ આપવા રૂપી આશીર્વચનની જે ગતગંગા વહાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન ગુરુકૃપાથી જ કર્યો છે.

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

## આશીર્વચન

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત, વંદન, અભિનંદન, આશિષ.

છેલ્લાં બે વર્ષથી કોરોના મહામારીના કારણે સાવચેતી રૂપે ગુરુપૂર્ણિમાની ઉજવણી મોકૂફ રાખવામાં આવેલ. તેથી આપણે સૌ ગુરુપૂર્ણિમાની ઉજવણીની ખૂબ જ આતુરતાથી રાહ જોતા હતા. મહામારી હળવી પડવાથી પરમાત્માની કૃપાથી આપણે સૌ ગુરુપૂર્ણિમાની ઉજવણી માટે પ્રેમ ઉત્સાહપૂર્વક ભેગા થયા છીએ. આ અમૂલ્ય આધ્યાત્મિક લ્હાવો લેવાની આપણી તીવ્ર આતુરતાનો અંત આવ્યો. જીવનમાં જો કીમતી વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો ખૂબ જ ધીરજપૂર્વક રાહ જોવી જ પડે છે. આપણે સૌ જાણીએ છીએ, અપેક્ષા રાખીએ છીએ કે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુજી પાસેથી વિશેષ રૂપે બહુ મોટો લાભ મળશે. અન્ય દિવસોમાં લાભ મળતો હોય છે. પરંતુ સૌ કોઈને એ લાભ મળતો નથી હોતો. તેથી ગુરુપૂર્ણિમાના દિવસે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું ચૂકવું જોઈએ નહીં. આ વખતે પત્રિકામાં પરમાત્માની દયાથી ગુરુપૂર્ણિમાની મહત્તા વિશે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ગુરુપૂર્ણિમાના દિવસે અને તે સિવાય અન્ય દિવસોમાં પણ ગુરુજી પાસેથી શું પ્રાપ્ત કરવાનું હોય? ગુરુ પ્રાપ્ત કરવાનું, લઘુ ના જોઈએ. તો આ જે ગુરુ લેવાનું છે તે શું છે? કૈવલ્ય. પતંજલી મુનીએ યોગદર્શનમાં ''કૈવલ્ય'' શબ્દ વાપર્યો છે. ચાલુ ભાષામાં કૈવલ્ય માટે મોક્ષ-મુક્તિ શબ્દ વાપર્યો છે. મુક્તિ એટલે મુક્ત થઈ જવું. શેમાંથી મુક્ત થઈ જવું?

**''પુનરપી મરણમ્, પુનરપી જનનમ્;**
**પુનરપી જનની, જઠરે શયનમ્.''**

જન્મ-મરણના દારુણ દુ:ખદાયક ચકરાવામાથી મુક્ત થઈ જવું. મુક્તિ એટલે જ મોક્ષ-કૈવલ્ય. કૈવલ્ય એટલે કેવળ-ફક્ત-ઓન્લી. કેવળ એટલે માત્ર આત્મા જ બીજું કાંઈ નહીં. પરમ ચૈતન્ય સાથે આત્મચૈતન્યનું એકાકાર થઈ જવું તે જ કૈવલ્ય-મોક્ષ-મુક્તિ. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને આ જન્મે જ કૈવલ્ય-મોક્ષને જો પ્રાપ્ત કરીએ તો જન્મ સાર્થક થયો ગણાય. તે સિવાય બીજું મેળવવાનો પ્રયત્ન કરીએ તો જન્મ સાર્થક થયો ગણાય. તે સિવાય બીજું મેળવવાનો પ્રયત્ન કરીને તો જન્મ એળે ગયો કહેવાય. બુદ્ધિનું દેવાળું કાઢ્યું કહેવાય. તો, ગુરુજી પાસેથી ગુરુ કે જેને કૈવલ્ય-મોક્ષ-મુક્તિ કહેવામાં આવે છે તે લેવાનું છે. આ જે ગુરુ છે તે કોઈ વસ્તુ નથી કે જે ગુરુજી આપણા ખોબામાં આપી દે. ગુરુજી પાસેથી આપણે તેમની કૃપા રૂપે મળતી સાચી-ગુરુ સમજણ પ્રાપ્ત કરવાની છે. મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરીને તેનું મુખ્ય ધ્યેય શું હોવું જોઈએ? મુખ્ય ધ્યેય આ જન્મે જ કૈવલ્યને પ્રાપ્ત કરી સદાય માટે દુ:ખદાયક જન્મ-મરણના ચકરાવામાંથી મુક્ત થવાનું હોવું જોઈએ. તે ધ્યેયને પ્રાપ્ત કરવા સત્ય-ધર્મ-સંયમ-નિયમવાળું જીવન જીવી નિષ્કામ સત્કર્મો કરી વધુમાં વધુ પુન્યનું ભાથું ભેગું કરીએ કે જેથી આ જન્મે જ કૈવલ્યને પામી શકીએ. ગુરુજી પાસેથી આ ગુરુ સમજણને પ્રાપ્ત કરવાની છે. માત્ર આ ગુરુ સમજણ પ્રાપ્ત કરીને જ સંતોષ પામવાનો નહીં, પરંતુ નિષ્ઠાપૂર્વક તેવું જીવન જીવવાનો અવિરત પુરુષાર્થ કરીએ તો સાચા અર્થમાં ગુરુ સમજણ પ્રાપ્ત કરી કહેવાય.કૈવલ્ય-મોક્ષરૂપી આત્યંતિક સુખને પ્રાપ્ત કરી મનુષ્યજન્મ સાર્થક કરવાની સાચી સમજણની વાત છેલ્લા કેટલાય સમયથી  ખૂબ ખૂબ વારંવાર કરીએ

છીએ. કેમ કે સમય વ્યતીત થઈ રહ્યો છે. સાથે સાથે આપણું આયુષ્ય પણ ઓછું થઈ રહ્યું છે. તેથી મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરીને આ જન્મે જ મોક્ષ-મુક્તિ અર્થાત્ કૈવલ્યને પ્રાપ્ત કરવા અંગેની ગુરુ સમજણ સાંભળવાનું ચૂકી જવાય નહીં.જો ચૂકી જઈએ અને સાંસારિક વહેવાર- પ્રપંચની વાતો સાંભળવામાં આપણી ઓછી સમજણને લીધે મોંઘો સમય વેડફીએ તો કંચનને બદલે કાચ લીધા બરોબર છે. ગુરુજનો આપણને મનુષ્યજન્મે શાશ્વત સુખ-શાંતી પ્રાપ્ત કરવા માટે અતિ આવશ્યક શું છે અને શું તુચ્છ છે એની સાચી કિંમત સમજાવે છે.જેમ કે આ એક રૂપિયાની નોટ છે અને બીજી સો રૂપિયાની નોટ છે એ વાત આપણને બરાબર સમજાવવામાં આવે તો આપણે એટલા તો મૂરખ નથી કે એક રૂપિયાની નોટ લઈએ,વધુ કીંમતી સો રૂપિયાની જ નોટ લઈએ.આ સમજાવ્યા પછી પણ જો આપણે આપણી અલ્પ બુદ્ધિ અને જડતાને કારણે એક રૂપિયાની નોટ લઈએ તો આપણે આપણી જાતે જ ઠગાયા કહેવાઈએ.આ વાતને નીચેની પંક્તિ દ્વારા સમજીએ.

**''ભગત જગતકો ઠગત હૈ,ભગત ઠગે ના કોઈ;**
**જો એક બાર ભગત કો ઠગે,કોટી યજ્ઞ ફલ હોઈ.''**

આનો શબ્દાર્થ છે કે ભગત (ગુરુ-સંતો) જગતને ઠગે છે, પરંતુ ભગતને કોઈ ઠગતું નથી.જો એક વાર ભગતને ઠગી લેવામાં આવે તો કરોડ યજ્ઞ કર્યા બરાબરનું ફળ પ્રાપ્ત થાય,આ તો થયો શબ્દાર્થ.પરંતુ તેમાં રહેલા ગૂઢાર્થને સમજીએ.ભગત-ગુરુ સંતોએ પોતાનું સમગ્ર જીવન નિષ્કામભાવે જીવ-જગતના કલ્યાણ માટે સમર્પિત કર્યું હોય છે. પરમ કૃપાળુ પરમાત્માની પ્રેરણા મુજબ તે માટે સદાય કાર્યરત હોય છે. તેમાં જ તેમનો સાચો આનંદ સમાયેલો હોય છે. આવું વિશેષ મૌલિક જીવન જીવતા ભગતજનો કયારેય કોઈને છેતરતા નથી હોતા.પરંતુ આપણે આપણા અજ્ઞાન,અણસમજ અને બુદ્ધિની પામરતાના કારણે જાતે જ છેતરાઈએ છીએ.ભગત પાસે જઈને શું પ્રાપ્ત કરવાની આશા રાખવાની છે? તેમની પાસે જે અતિ કીમતી છે તેની આશા રાખવાની છે- તે શું છે? પરમાત્માની કૃપાથી દુર્લભ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે. તેને સાર્થક કરી, ખૂબ ખૂબ નિષ્કામ ભાવે સત્કર્મો કરી, ખૂબ ખૂબ પુણ્યનું ભાથું એકઠું કરી,આ જન્મે જ આત્યંતિક સુખરૂપી મોક્ષને પ્રાપ્ત કરવાની અતિ કિંમતી ગુરુ સમજણ-પ્રેરણાને પ્રાપ્ત કરવાની છે.માત્ર પ્રાપ્ત કરવાની એમ નહીં પરંતુ એને અનુરૂપ નિષ્ઠા-પ્રેમે જીવન જીવી આ જન્મે જ મોક્ષને પ્રાપ્ત કરી જન્મ-મરણના ચકરાવામાંથી કાયમ માટે મુક્ત થઈ જવાનું છે.આ ગુરુસમજણ પ્રાપ્ત કરવાની છે. પરંતુ આપણે તેના બદલે ક્ષણભંગુર,ભ્રામક,મૃગજળ સમાન ભૌતિક ઐશ્વર્ય કે જે જન્મ-મરણના ચકરાવામાં ચડાવે છે તે પ્રાપ્ત કરવાની આશા રાખીએ તો આપણે જાતે જ છેતરાઈએ છીએ. પરંતુ મોક્ષને પ્રાપ્ત કરવાની ગુરુસમજણ પ્રાપ્ત કરીએ તો ભગતને છેતર્યા ગણાય. અર્થાત્ તેમની પાસેથી જીવનપાથેય પ્રાપ્ત કરી શક્યા કહેવાય.તેના ફળસ્વરૂપ કરોડ યજ્ઞ કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય.એટલે કે અમૂલ્ય- જેની કિંમત જ આંકી ન શકાય એવા મોક્ષની પ્રાપ્તિ થાય. ભગત આવી ગુરુ સમજણ ભક્તોને સતત આપતા જ હોય છે તેથી તેમનામાં તે કયારેય ઓછી થતી નથી.આમ ભગત પાસે જઈ જે ક્ષણભંગુર છે તે લેવાની આશા રાખીએ તો કંચનના બદલે કાચ લઈએ છીએ.પરંતુ સાચી સમજણરૂપી અમૂલ્ય એવી ગુરુ સમજણને પ્રાપ્ત કરવાની આશા રાખીશું તો માત્ર ને માત્ર કંચન જ પ્રાપ્ત થશે. તો, આ જન્મે જ મુક્તિ પ્રાપ્ત કરી મનુષ્યજન્મ સાર્થક કરવાના

**।। સત્યધર્મ ગુરુદેવ કી જય ।।**

પુરુષાર્થમાં સ્હેજ પણ વિલંબ કર્યા વગર પ્રેમ અને નિષ્ઠાપૂર્વક લાગી જઈયે.માતાના ખોળામાં સૂતા હતા, થોડા મોટા થયા એટલે બાલમંદિર જતા થયા,પછી થોડા મોટા થતાં નિશાળે પછી કૉલેજમાં જતા થયાં.પછી લગ્ન થયા, ઘર-ગૃહસ્થીની જવાબદારીમાં પડી ગયા.આમ ને આમ વર્ષો જતાં વાર લાગતી નથી.જેમ જેમ વર્ષો વીતે છે તેમ તેમ આપણું આયુષ્ય ટૂંકાય છે.મુત્યુરૂપી મહાકાળની વધુ ને વધુ સમીપ જઈએ છીએ.વળી આપણું આયુષ્ય કેટલું છે તેની પણ આપણને ખબર નથી. તેથી હવે સજાગ થઈ જઈએ- ઘરગૃહસ્થી વહેવાર-પ્રપંચનું આટલું કામ કરી લઉ પછી મનુષ્યજન્મ સાર્થક કરવાનો પુરુષાર્થ કરીશ એવું વિચારવાનું નહીં.કેમ કે આ બધી કામનાઓનો અંત જ નથી હોતો. એક પૂરી થાય કે બીજી ઉભી થઈ જ જાય છે. તેથી આજથી જ, અત્યારથી જ મનુષ્યજન્મની સાર્થકતાના પુરુષાર્થમાં નિષ્ઠાપૂર્વક લાગી જવું એ જ બુદ્ધિમાની છે.પરમાત્માએ આપણી ઉપર અસીમ કૃપા વરસાવતાં મનુષ્યજન્મ આપ્યો છે.એટલું જ નહીં પરંતુ સુંદર, સૂક્ષ્મ શરીર તથા ઇન્દ્રિયોને આપી છે.વળી વિચારી શકવા, સમજી શકવા બુદ્ધિ આપી છે.તો પરમાત્મા દ્વારા મળેલ કૃપા રૂપી તકનો વિના વિલંબે સદ્‌ઉપયોગ કરી લેવો, મનુષ્યજન્મની સાર્થકતા માટે જરૂરી પુરુષાર્થમાં લાગી જવું તે જ હોંશિયારી કહેવાય.પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયેલ અવસર ચૂકી ન જવાય તે માટે ખૂબ જ સાવધાનીપૂર્વક જીવન જીવવું જોઈએ.બાકી તો ખાવું,પીવું, મોજ કરવી, પ્રજા ઉત્પન્ન કરવી તે તો પશુ પણ કરે છે. જો તેમ કરીશું તો આપણે પણ શીંગડાં-પૂંછડા વગરના પશુ જ કહેવાઈએ-તો આપણે શીંગડાં-પૂંછડા વગરના પશુ સમાન નહીં પરંતુ મનુષ્ય કહેવાઈએ તે માટે વિશેષ જીવન જીવવાનો પ્રયત્ન કરવાનો છે.અત્યાર સુધી આપણે જે અને જેવું જીવ્યા તે વીષે ખૂબ ચિંતન કરવાનું છે.મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે તો જીવનમાં મુખ્ય જે કરવાનું હતુ તે કર્યું જ નહીં.માત્ર મૃગજળ સમાન ભ્રામક,ક્ષણભંગુર અને અંતે દુઃખદાયક ભોગો-ઐશ્વર્ય પ્રાપ્ત કરવા અને તે ભોગવી સુખ પામવા હવાતિયા મારવામાં જ સમય વેડફ્યો. તોય સુખ પ્રાપ્ત થયું નહીં. તેથી નક્કી કરી લેવાનું છે કે અજ્ઞાનતાવશ અત્યાર સુધી આપણે જેને સુખ માનતા હતા તે હકીકતમાં સુખ છે જ નહીં. તેથી હવે નક્કી કરી લેવાનું છે કે સાચું સુખ તો બીજું જ છે,કે જે કદી દુઃખમાં પરિણમ૭તું નથી.આવા સુખની સાચી સમજણ પ્રાપ્ત કરવાનું માર્ગદર્શન પ્રાપ્ત કરવા સદ્‌ગુરુ-સંતોના સાંનિધ્યમાં પ્રેમ,નિષ્ઠાપૂર્વક જવું અનિવાર્ય છે.આવા પરમ કલ્યાણકારી કાર્યક્રમમાં હોંશભેર ઉપસ્થિત રહેવુ આવશ્યક છે. તમે સૌ કાર્યક્રમમાં ઉપસ્થિત રહો છો,તેમાં આત્મકલ્યાણકારી સાચી સમજણનો જે સત્સંગ થાય છે. તેને ધ્યાનથી સાંભળી જીવનમાં ઉતારવાનો પ્રયત્ન યથા શક્તિ-મતિ મુજબ કરો છો તે બદલ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ-આશિષ.

પરમાત્માને પ્રાર્થના કે સૌ સાચું-શાશ્વત સુખ શેમાં છે તે યથાયોગ્ય રૂપે સમજી તે પ્રાપ્ત કરવા તેને અનુરૂપ જીવન જીવી તેને પામે એવી અહૈતુકી અમીકૃપા વરસાવજો.

સત્ય-ધર્મ ગુરુદેવની જય.સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ફરી ફરી સર્વેને ખૂબ ખૂબ આશિષ.

સર્વેને જયનારાયણ

ઓમ્ નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર..

ઓમ....ઓમ...ઓમ....

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

# પાંતજલ યોગદર્શન - સાધનપાદનો ગુજરાતી ભાવાર્થ

રચયીતા : શશીકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય.

સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

(૧) **તપઃ સ્વાધ્યાયેશ્વર પ્રણિધાનાનિ ક્રિયાયોગઃ**

સૌમ્ય તપ,સ્વાધ્યાય આત્માનો,
ઈશ્વર શરણે પ્રેમે જાય જો,
જીવન આવું પ્રેમે જિવાય,
ક્રિયાયોગ તેને કહેવાય.

(૨) **સમાધિભાવનાર્થઃ કલેશતનુકરણાર્થશ્ચ**

ક્રિયાયોગનું ધ્યેય જીવનમાં,
સમાધિ પામવા,કલેશો તનુ કરવા.

(૩) **અવિદ્યા અસ્મિતારાગધ્વેષાભિનિવેશાઃ**

પંચકલેશાઃ
અવિદ્યા, અસ્મિતા,રાગ,દ્વેષ ને
કલેશ પાંચમો અભિનિવેશ છે.

(૪) **અવિદ્યાક્ષેત્રમુત્તરેષાં પ્રસુપ્તતનુવિચ્છિન્નો દારાણામ્**

પ્રસુપ્ત,તનુ,વિચ્છિન્ન,ઉદાર,
અવસ્થા કલેશોની આ ચાર,
પાંચ કલેશ કહ્યા છે જે,
ભૂમિ તેની અવિદ્યા છે.

(૫) **અનિત્યાશુચિદુઃખાનાત્મસુ નિત્યસુચિ**

સુખાત્મખ્યાતિર વિદ્યા
અનિત્યમાં નિત્ય જણાય,
અપવિત્રમાં પવિત્ર સમજાય,
દુઃખ માંહી સુખ દેખાય,
જડ માંહી ચેતન કળાય,
ચાર પ્રકાર કહ્યા આ જે
તેનો સમૂહ અવિદ્યા છે.

(૬) **દગદર્શનશકત્યોરેકાત્મતૈવ અસ્મિતા**

આત્મા ઈન્દ્રિયો એક મનાય,
અસ્મિતા કલેશ તેને કહેવાય.

(૭) **સુખાનુશયી રાગઃ**

માણેલ સુખની યાદ રહે જે,
રાગ કલેશ તેને તો કહે છે.

(૮) **દુઃખાનુશયી દ્વેષઃ**

દુઃખ થકી ઘૃણા બહુ થાય,
દ્વેશ કલેશ તેને કહેવાય,

(૯) **સ્વરસવાહી વિદુષો અપિ તથારૂઢો અભિનિવેશઃ**

જન્મથી સ્હેજે આવે સમાન,
મૂરખ અને પંડિતની માંહ્ય,
મૃત્ય ભય રૂપે કહેવાયો,
અભિનિવેશ છે કલેશ પાંચમો.

(૧૦) **તે પ્રતિપ્રસવહેયાઃ સૂક્ષ્માઃ**

જન્મભૂમિ કલેશોની જે છે,
સૂક્ષ્મકરી પહોંચાડવા ત્યાં તે.

(૧૧) **ધ્યાનહેયાસ્તદવૃત્તયઃ**

સહારો ધ્યાન તણો લેવાય,
કલેશ વૃત્તિનો નાશ જ થાય.

(૧૨) **કલેશમૂલઃ કર્માશયોદષ્ટાદષ્ટજન્મવેદનીયઃ**

ગત અને વર્તમાન જન્મોની,
વાસના જે બચી રહી,
કર્માશય તે થકી બંધાય,
કલેશોનું મૂળ તે કહેવાય.

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

(૧૩) **સતિ મૂલે તદ્વિપાકો જાત્યાયુર્ભોગાઃ**
મળે ફળ કર્માશય અનુરૂપ,
જાતિ,આયુ ને ભોગ સ્વરૂપ.

(૧૪) **તે હ્‌લાદપરિતાપફલાઃ પુણ્યાપુણ્યહેતુત્વાત્**
પામ્યા ફળ સંચિત કર્મોનાં,
જાતિ,આયુ ને ભોગના રૂપમાં,
પુણ્ય,પાપ તેમાં બહુ થાય,
હર્ષ,શોક તેથી પમાય.

(૧૫) **પરિણામતાપસંસ્કારદુઃખૈર્ગુણવૃત્તિવિરોધાચ્ચ દુઃખમેવ સર્વમ્ વિવેકિનઃ**
પરિણામ,તાપ,સંસ્કાર વળી,
ત્રિગુણના સંઘર્ષ થકી,
સંસાર તણાં જે સુખ સઘળાં,
વિવેકીને દુઃખ લાગતાં.

(૧૬) **હેયં દુઃખમનાગતમ્**
આવનાર દુઃખો ભાવી જીવનમાં,
રહીએ મુક્ત તેનાથી સર્વદા.

(૧૭) **દ્દષ્ટદશ્યયોઃ સંયોગો હેયહેતુઃ**
આત્મા પ્રકૃતિ એક મનાય,
દુઃખોનું કારણ તે જણાય.

(૧૮) **પ્રકાશક્રિયાસ્થિતિશીલં ભૂતેન્દ્રિયાત્મક ભોગાપવર્ગાર્થ દશ્યમ**
સત્ત્વ,રજ,તમમય જે છે,
ભૂત,ઇન્દ્રિયો સ્વરૂપ તેનું છે,
આવાં દશ્યો થકી પમાય,
ભૌતિક સુખ કે મોક્ષ સદાય.

(૧૯) **વિશેષાવિશેષલિંગમાત્રલિંગાની ગુણપર્વાણિ**
અવસ્થા ચાર ત્રિગુણની કહી છે,
વિશેષ,અવિશેષ,લિંગમાત્ર,અલિંગ તે.

(૨૦) **દ્રષ્ટા દશિમાત્રઃ શુદ્ધોઅપિ પ્રત્યયાનુપશ્યઃ**
આત્મા શુધ્ધ ને જ્ઞાનરૂપ છે,
બુદ્ધિથી સુખ-દુઃખ પામે છે.

(૨૧) **તદર્થ એવ દશ્યસ્યાત્મા**
પ્રકૃતિજન્ય સઘળાં દશ્યો જે,
આત્મા માટે તે સર્વે છે.

(૨૨) **કૃતાર્થં પ્રતિ નષ્ટમપ્યનષ્ટં તદન્યસાધારણત્વાત્**
માનવજન્મ સાર્થક કરવાર્થે,
કર્તવ્ય જેનાં પૂર્ણ થયાં છે,
દશ્યો નષ્ટ તેઓના થાય છે,
અન્યો માટે બચી રહ્યા તે.

(૨૩) **સ્વસ્વામિશકત્યોઃ સ્વરૂપોપલબ્ધિહેતુઃ સંયોગઃ**
સ્વ કહેતા પ્રકૃતિ-ભોગ્ય છે,
સ્વામી કહેતાં આત્મા-ભોક્તા છે,
ભોગ્ય,ભોક્તા તણી શક્તિ જે,
પૂર્ણ પ્રાદુર્ભૂત થાય જ્યારે તે,
કારણ સંયોગતણું આ છે,
બંધનરૂપ તેને તો કહ્યું છે.

(૨૪) **તસ્ય હેતુરવિદ્યા**
સંયોગ બંધનનું કારણ છે,
મૂળ તેનું અવિદ્યા છે.

(૨૫) **તદભાવાત્ સંયોગાભાવો હાનં તદદશેઃ કૈવલ્યમ્**
અવિદ્યાથી મુક્ત થવાય,
સંયોગ તેથી દૂર જ થાય,
આવી સ્થિતિ જો પમાય,
કૈવલ્ય તેને તો કહેવાય.

(૨૬) **વિવેક ખ્યાતિરવિપ્લવા હાનોપાયઃ**
વિવેક જ્ઞાનમાં રહે સદા સ્થિર,
કૈવલ્ય પામવાની એ રીત.

(૨૭) **તસ્ય સપ્તધાપ્રાંતભૂમિઃ પજ્ઞા**
વિવેક જ્ઞાનમય પ્રજ્ઞા છે જે,

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

ભૂમિકા તેની સાત કહી છે.

(૨૮) **યોગાંગાનુષ્ઠાનાદશુદ્ધિક્ષયે જ્ઞાનદીપ્તિરા વિવેકખ્યાતેઃ**
યોગ તણાં છે જે અંગો,
થાય અનુષ્ઠાન તેનું જો,
ક્ષય અશુદ્ધિ કેરો થાય,
વિવેક જ્ઞાન પ્રકાશિત થાય.

(૨૯) **યમનિયમાસન પ્રાણાયામપ્રત્યાહારધારણાધ્યાન સમાધયો અષ્ટાવંગાનિ**
યમ,નિયમ,આસન તથા,
પ્રાણાયામ,પ્રત્યાહાર,ધારણા,
ધ્યાન અને સમાધિ મળીને,
અંગ આઠ યોગ તણા છે.

(૩૦) **અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અપરિગ્રહ યમાઃ**
અહિંસા, સત્ય, અસ્તેય અને,
બ્રહ્મચર્ય, અપરિગ્રહ રૂપે,
પાંચ ઉપાંગનો સમૂહ જે,
યમ તેને કહેવાય છે.

(૩૧) **જાતિદેશકાલસમયાનવચ્છિન્નાઃસાર્વભૌમા મહાવ્રતમ્**
જાતિ,દેશ,કાળ,સમયમાં,
યમનું પાલન સીમિત થાય ના,
પ્રેમે પાલન થાય યમનું,
મહાવ્રત તે ભૂમંડળનું.

(૩૨) **શૌચસંતોષતપઃસ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ નિયમાઃ**
શૌચ,સંતોષ,તપ,સ્વાધ્યાય,
ઈશ્વર શરણે પ્રેમે જવાય,
પાંચ ઉપાંગ જણાવ્યા જે,
નિયમ રૂપે ઓળખાયા તે.

(૩૩) **વિતર્કબાધને પ્રતિપક્ષભાવનમ્**
વિશેષ રૂપે સત્ ચિંતન થાય,
અસત્ વિચારો તેથી દૂર થાય.

(૩૪) **વિતર્કા હિંસાદયઃ કૃતકારિતાનુમોદિતા લોભક્રોધમોહપૂર્વકા મૃદુમધ્યાધિમાત્રા દુઃખ જ્ઞાનાનન્તફલા ઈતિ પ્રતિપક્ષભાવનમ્**
યોગ માર્ગમાં વિઘ્નરૂપ જે,
હિંસા આદિને તો કહ્યા છે,
કરાય કે કરાવાય અન્યથી,
કે તે અનુમોદિત કરવાથી,
લોભ,ક્રોધ,મોહ થકી કરાય,
મૃદુ,મધ્ય,અતિવેગે થાય,
તે થકી અચૂક પમાય,
અનંત દુઃખ ને અકલ્યાણ,
અવગતિ વળી તેથી થાય,
અજ્ઞાનરૂપ અંધકારની માંહ્ય,
આવું વિશેષ જે ચિંતન થાય,
પ્રતિપક્ષ ભાવના તે કહેવાય.

(૩૫) **અહિંસાપ્રતિષ્ઠાયાં તત્સન્નિધૌ વૈરત્યાગઃ**
અહીંસા પ્રતિષ્ઠિત થાય જેનામાં,
તેની સમીપે હટે વેર ભાવના.

(૩૬) **સત્યપ્રતિષ્ઠાયાં ક્રિયાફલઆશ્રયત્વમ્**
થાય સ્થિરતા જ્યારે સત્યની,
સિદ્ધિ પમાય સંકલ્પ,વાણીની.

(૩૭) **અસ્તેયપ્રતિષ્ઠાયાં સર્વરત્નોપસ્થાનમ્**
પૂર્ણ પ્રતિષ્ઠા અસ્તેયની થાય,
ઐશ્વર્ય ત્રિલોક તણું પમાય.

(૩૮) **બ્રહ્મચર્યપ્રતિષઠાયાં વીર્યલાભઃ**
બ્રહ્મચર્ય વ્રત સિદ્ધ કરે જે,
વીર્યલાભ સ્હેજે પામે તે.

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

(૩૯) **અપરિગ્રહસ્થૈયે જન્મકથંતાસંબોધઃ**
અપરિગ્રહમાં સ્થિર થવાય,
ત્રિકાળ જન્મોનું જ્ઞાન પમાય.

(૪૦) **શૌચાત્ સ્વાંગજુગુપ્સાયરૈરસંસર્ગઃ**
શૌચનું પાલન પૂર્ણ કરાય,
ઉદાસ સર્વ શરીરે થવાય.

(૪૧) **સત્ત્વશુદ્ધિસૌમસ્યૈકાગ્રયઈન્દ્રિયજયાત્મદર્શન-યોગ્યત્વાનિ ચ**
થાય વૃદ્ધિ સત્ત્વગુણની જ્યારે,
સૌમ્ય સ્વભાવ થાય છે ત્યારે,
ઈન્દ્રિય જય તેથી પમાય,
પ્રગતિ એકાગ્રતામાં થાય,
સાધના પથમાં આગળ વધતા,
બનાય યોગ્ય આત્મદર્શનમાં.

(૪૨) **સંતોષાદનુત્તમઃ સુખલાભઃ**
સંતોષી જીવન જો જિવાય,
સર્વોત્તમ સુખ તેથી પમાય.

(૪૩) **કાયેન્દ્રિયસિદ્ધિરશુદ્ધિક્ષયાત્તપસઃ**
તપ નિરંતર પ્રેમે કરાય,
દોષ દૂર તન, મનના થાય,
શરીર ઇન્દ્રિયો નીરોગી થાય,
શક્તિસંપન્ન અને વજ્ર સમાન.

(૪૪) **સ્વાધ્યાયાદિષ્ટદેવતાસંપ્રયોગઃ**
એક ચિત્તે સ્વાધ્યાય કરાય,
સાક્ષાત્કાર ઈષ્ટનો સ્હેજે પમાય.

(૪૫) **સમાધિસિદ્ધિરીશ્વરપ્રણિધાનાત્**
ઈશ્વરને સમર્પિત થઈ જિવાય,
સિદ્ધિ સમાધિની પમાય.

(૪૬) **સ્થિરસુખમાસનમ્**
સ્થિરતા ને સુખ જેમાં પમાય,
ઉત્તમ આસન તે કહેવાય.

(૪૭) **પ્રયત્નશૈથિલ્યાનન્ત્યસમાપત્તિભ્યામ્**
યત્ન રહિત સ્થિર આસન થાય,
આસન સિદ્ધિ તેથી પમાય.

(૪૮) **તતોધ્વન્ધ્વાનભિઘાતઃ**
હર્ષ-શોક, ભૂખ-તરસ વગેરે,
દ્વંદ્વો તન, મનના કહ્યા જે,
આસન સિદ્ધ થાય છે જયારે,
દ્વંદ્વો દૂર થાય છે ત્યારે.

(૪૯) **તસ્મિન્ સતિશ્વાસપ્રશ્વાસયોર્ગતિ વિચ્છેદઃ પ્રાણાયામઃ**
ગતિમય છે શ્વાચ્છોશ્વાસ,
આસન સિદ્ધ થયા પશ્ચાત,
અવરોધ ગતિ કેરો કરાય,
પ્રાણાયામ તેને કહેવાય.

(૫૦) **બ્રાહ્યાભ્યન્તર સ્તંભવૃત્તિદેશકાલ સંખ્યાભિઃ પરિદૃષ્ટો દીર્ઘસૂક્ષ્મઃ**
રેચક, પૂરક કુંભક રૂપે છે,
પ્રાણાયામ કહ્યા ત્રણ જે,
દેશ, કાળ, સંખ્યાના સહારે,
સૂક્ષ્મ, દીર્ઘ તે થાય છે.

(૫૧) **બાહ્યાભ્યન્તરવિષયાક્ષેપી ચતુર્થઃ**
રેચક, પૂરકનો લોપ થાય છે,
દીર્ઘ કુંભકને પમાય છે,
પરિપક્વ તેમાં થવાય,
પ્રાણાયામ ચોથો કહેવાય.

(૫૨) **તતઃ ક્ષીયતે પ્રકાશાવરણમ્**
પ્રાણાયામ પ્રેમે કરાય,
સત્ત્વગુણમાં વૃદ્ધિ થાય,
જ્ઞાનપુંજ ચિત્તમાં રેલાય,
આવરણ ક્ષીણ તેના થાય.

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

(૫૩) **ધારણાસુ ચ યોગ્યતા મનસઃ**
આવરણ ચિત્ત તણા દૂર થાય,
ધારણા યોગ્ય મન થઈ જાય,

(૫૪) **સ્વવિષયાસંપ્રયોગે ચિત્તસ્ય સ્વરૂપાનુકાર**
ઈવેન્દ્રિયાણામ્ પ્રત્યાહારઃ
ત્યાગે ઇન્દ્રિયો વિષય પોતાના,
ચિત્તમય તે થઈ જાતા,
આવી સ્થિતિ જે પમાય,
પ્રત્યાહાર તેને કહેવાય.

(૫૫) **તતઃ પરમાવશ્યતેન્દ્રિયાણામ્**
પમાય કાબૂ પ્રત્યાહારમાં,
મળે પ્રભુત્વ ઇન્દ્રિયોમાં,
સિદ્ધિ તેથી સ્હેજે પમાય,
ધારણા,ધ્યાન,સમાધિ માંહ્ય.

# ગાયત્રી-અનુષ્ઠાન-સાધના-શિબિર

**(સંક્ષિપ્ત દિવ્ય અહેવાલ)** **સંકલન : ડૉ. સ.સ.ભિક્ષુ**

**સત્ય-ધર્મ ગુરુદેવકી જય.**

સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

પ.પૂ.ગુરુદેવની અસીમ કૃપા અને આશિષથી પલિયડ મુકામે થયેલ ''ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર'' વિશેના અહેવાલને આછેરો શબ્દદેહ આપવાનો અહીં નમ્ર પ્રયત્ન કરી રહ્યા છીએ.

શિબિરનું આયોજન તા.૨૨-૧૨-૧૯૭૮ થી ૩૧-૧૨-૧૯૭૮ દરમ્યાન થયેલું.તે નિમિત્તે પલિયડ ગામમાં પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીના પાવનકારી પગલાં પડ્યાં. પૂર્વકાળના પૂણ્ય પ્રતાપે પરમાત્માએ અમને આ કાર્યક્રમના નિમિત્ત બનાવ્યા.

પલિયડ ગામ અમદાવાદથી લગભગ ૫૫ કિ.મી.દૂર આવેલું છે. ગામમાં નાતજાતના ભેદ વગર બધા જ લોકો સંપીને રહે છે.

સમાજમાં,પલિયડ ગામની પ્રતિષ્ઠા સારી હતી.પલિયડ ગામના ગરીબ છોકરાને પણ કન્યા મળી રહેતી.એટલે કે ગામના તમામ માણસો એકબીજાને મદદ કરવામાં ગૌરવ અનુભવતા.ગામના વેપારીઓને,ગામના ખેડૂતો ધંધા માટે પૈસા ધીરતા પણ વર્ષો સુધી તેનું વ્યાજ લેતા નહીં. અને એ જ પ્રમાણે વેપારીઓ ખેડૂતોને મદદ કરતા.એ જમાનામાં પોલીસ કેસ થયો હોય અને ગામની વિરુદ્ધમાં કોઈએ જુબાની આપી હોય તેવું યાદ નથી.

૧૯૭૮ની સાલમાં પલિયડ ગામની વસ્તી લગભગ પંદરેક હજારની હતી.ગામ તરફથી અમને મળેલો સહકાર હંમેશાં યાદ રહેશે.

પલિયડ ગામના સહકાર માટે પૂ.શ્રી ગુરુદેવે પ્રથમથી જ સુંદર આયોજન કરેલું. પ્રથમ ગામના આગેવાનો સાથે વાતચીત કરીને ગામમાં સાદ પડાવ્યો કે,લોકકલ્યાણાર્થે અમે ગાયત્રી શિબિરનું આયોજન કરી રહ્યા છીએ.આપ સૌ આ કાર્યમાં અમને સહકાર આપીને, જીવનનો અને સમયનો સદ્‌ઉપયોગ કરીને પોતાનું કલ્યાણ સાધી શકો છો.

ગુરુસંતો પોતાના શિષ્યોનું કલ્યાણ કરવા માટે,તેમના હાથે સત્કર્મો કરાવવા માટે ''અમુક કામ કરવાની અમારી ઇચ્છા છે'' એમ કહી રજૂઆત કરે છે અને શિષ્યો પોતાના ગુરુદેવની ઇચ્છાને આજ્ઞા સમજી,સ્વીકારી ઘણાં અઘરાં કાર્યો પણ સહેલાઈથી કરે છે અને પોતાના જીવનને મોક્ષ માર્ગે આગળ ધપાવે છે.આમ,તળેટીએ પડેલા શિષ્યને, કરુણામય સંતો સહેજે

શિખર સુધી પહોંચાડે છે.ગુરુજનો, પોતાનો શિષ્ય સવાયો થાય એવું ઇચ્છે છે.એટલે કે પારસમણિ લોઢાને સોનું નહીં પણ પારસમણિ જ બનાવી દે છે.

જેઓના સંપૂર્ણ સહકારથી આ શિબિર થઈ તેઓમાંના એક અમારા પૂ.પિતાશ્રી અમથાબાપા. એ સમયમાં પૂ. અમથાબાપા સાત ચોપડી ભણેલા.આમ તો તેઓ ખેડૂત હતા,પણ શિસ્ત સાથે સુધારાવાદીમાં ગણાતા.ગામના આગેવાનનો કોઈ પણ હોદ્દો સ્વીકાર્યા વગર, ગામના પુછાતા માણસોમાંના તેઓ એક હતા તેમણે ખેતીક્ષેત્રે સારી એવી પ્રગતિ કરેલી.તેઓ મહેસાણા જીલ્લાના પ્રગતિશીલ ખેડૂત હતા.તેમણે ખેતીવાડી ક્ષેત્રે તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ ઈનામો પણ મેળવેલાં. ખેતીવાડી ખાતાના અધિકારીઓ સાથે તેઓ ચર્ચાઓ પણ કરતા.

કુટુંબના કોઇપણ સભ્યને અન્યાય ન થાય તેનું તેઓ ખાસ ધ્યાન રાખતા. શિસ્તમાં કડક હોવા છતાં પોતે પરગજુ અને કોમળ હૃદયી હતા. આધુનિક વિચારો અને તેના અમલીકરણના તેઓ હિમાયતી હતા પણ શિસ્તના ભોગે નહીં.

શિબિરના સહકારમાં બીજા હતા અમારા પૂ. શ્રી કરસનકાકા. કાકા એટલે પૂ. શ્રી અમથાબાપાના નાના ભાઈ. જાણે બીજા લક્ષ્મણ.તેમના જીવનકાળ દરમ્યાન અમથાબાપાનું એક પણ વચન તેમણે ઉથાપ્યું હોય તેવું અમને યાદ નથી. તે બંને ભાઈઓ ગામમાં રામ-લક્ષ્મણની જોડી ગણાતા.

પ.પૂ.શ્રી અમથાબાપાએ પલિયડ ગામની લાઇબ્રેરીના ઘણાંબધાં પુસ્તકોનું વાંચન કરેલું. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠનાં પણ ઘણાંબધાં પુસ્તકો વાંચેલાં. પુસ્તકો વાંચવા ખાતર વાંચેલાં એમ નહીં, પણ તેનું સતત ચિંતન-મનન કરેલું.

પૂ. બાપા રામચરિતમાનસના ખાસ્સા અભ્યાસી હતા.તેઓશ્રી વેદ-ઉપનિષદનો પણ સ્વાધ્યાય કરતા. પ.પૂ. ગુરુદેવ યોગભિક્ષુજીને તેઓએ પોતાના ગુરુજી માનેલા. ગુરુગીતામાં કહ્યા પ્રમાણેના ઘણાબધા નિયમો તેઓ પાળતા.પોતે જે કંઈ માને છે તે જ બીજાઓ પણ માને તેવો તેમનો હઠાગ્રહ નહોતો.

પૂ. અમથાબાપાને ખબર પડી કે ગાયત્રી શિબિર કરવાની પૂ. શ્રી ગુરુદેવની ઇચ્છા છે એટલે કોઈ પણ જાતના હિચકિચાટ વગર કે દાખલા-દલીલો વગર ''આપણા અહોભાગ્ય'' એમ બોલીને રજા આપી દીધી અને શિબિર પલિયડમાં જ થાય એના માટે તમામ પ્રયત્નો શરૂ કરી દીધા.

આ કાર્યમાં કરસનકાકા પણ અમથાબાપા જોડે જોડાઈ ગયા. અમે નાના હતા ત્યારથી જ અમને પૂ. કાકા સાથે અનેરો પ્રેમ.કાકા અમારા કુટુંબની લેશ પણ નિંદા સહન કરી શકતા નહીં.ગામમાં ઝડપી કામ કરનારાઓમાં પૂ.શ્રી. કાકાનું નામ બોલાતું.નવા થતા કૂવાઓમાં પાણી ખૂટતું ન હોય ત્યારે પાણી ખુટાડવા માટે કાકાને આમંત્રણ મળતું. સામાન્ય શક્તિ ધરાવનાર બળદ હોય કે માણસ હોય પણ તોય તેઓ તેનાથી કામ લઈ શકતા તેટલા તેઓ કુશળ હતા.પોતે સંતોષી,પરગજુ અને હૃદયના ખૂબ કોમળ હતા.

પત્રકારો તેમજ જેમણે શિબિરનાં દર્શન કર્યાં છે એવા મહાનુભાવોએ આ શિબિરને ''સતયુગની શિબિર'' કહીને વર્ણવી છે. શિબિરના પ્રણેતા પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી જોડે અમારે પરિચય શી રીતે થયો તેનું ટૂંકમાં વર્ણન કરીશ-

આજથી લગભગ ચોવીસ વર્ષ પહેલાં અમારા એક મિત્રને પોતાની ઑફિસમાં થોડી તકલીફ હતી.પોતાના સાહેબથી થતી તકલીફના નિવારણ માટે

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

અમે તેમને લઈને અમારા એક જ્યોતિષી મિત્ર પાસે ગયેલા.કુંડળીનાં તમામ પાસાં તપાસી છ મહિના પછી તેમણે અમને પોતાના ગુરુજી પાસે મોકલ્યા.તેમના ગુરુજીએ પોતાના તમામ પ્રયત્નો પછી એમ કહ્યું કે ''ભાઈ ! હું જે કાંઈ બોલું તે ત્યારે જ સફળ થાય કે જ્યારે તમારા મિત્ર મારા ગુરુજીને માને-સ્વીકારે.'' પછી તેઓએ પોતાના ગુરુદેવની ઘણી ચમત્કારિક વાતો કરેલી.ચમત્કારની વાતોની તો અમારા પર અસર ન થઈ,પણ તેમનું ઓમ્ વિશેનું વિશિષ્ટ જ્ઞાન,તેમના સ્વભાવમાં રહેલ પિતૃવાત્સલ્ય અને કરુણા વગેરે વિશે સાંભળીને અમને અમારા પોતાના આધ્યામિક જ્ઞાનની વૃદ્ધિ અર્થે અને જીવનસાફલ્ય માટે તેઓશ્રીનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. એક-બે વખત અમે તેઓશ્રીનાં દર્શન કરવા માટે તેમના નિવાસસ્થાન ''ધર્મમેઘ'' માં તેમના સમયે ગયેલા પણ દર્શન થયેલાં નહીં.

એક વખત અમારા ચાલુ દવાખાનાના સમયે જ્યોતિષી મિત્રના ગુરુજી આવ્યા અને અમને કહ્યું કે અમુક જગ્યાએ અમારા ગુરુજી પધારેલ છે તો દર્શને આવવું છે? અમે ઘણા સમયથી રાહ તો જોતા જ હતા એટલે તેમની સાથે તેમના ગુરુજીનાં દર્શને ગયા.તેઓશ્રીને અમે નમસ્કાર કરીને બેઠા. થોડો સમય પસાર થયા પછી તેઓશ્રીએ એક રહસ્ય પ્રગટ કર્યું.

આપણી ગાડી ધમધમાટ આગળ વધી રહી છે પણ આપણને ખબર નથી કે તે કઈ દિશામાં આગળ વધી રહી છે,તે ઊંડી ખાઈ તરફ ધસી રહી છે તેની ખબર માત્ર ગુરુજીને જ છે. આટલી ઝડપથી જતી ગાડીને એક લાત મારીને ગુરુદેવ તેની દિશા બદલી નાખે છે,ઝડપ બદલતા નથી. એ જ ઝડપે પછી તે ગાડી મોક્ષની દિશામાં દોડવા લાગે છે. અવળીની સવળી દિશા કરે તે સંત, તે ગુરુદેવ.

સત્સંગ દરમ્યાન તેઓશ્રીના મુખારવિંદ પરથી અમારી આંખ બીજે ખસતી જ નહોતી.પૂ.શ્રી બોલ્યા જ કરે અને હું સાંભળ્યા જ કરું એમ થયા કરતું હતું ત્યાંથી ઊઠવાનું મન જ થતું નહોતું. અનિચ્છાએ પાછા દવાખાને આવ્યા. દવાખાનામાં હોવા છતાં મન તો પૂ. શ્રીની પાસે જ હતું. કેવી સૌમ્ય અને કરુણાસાગર મૂર્તિ ! કેટલો સરળ સ્વભાવ ! પ્રેમમાં તરબોળ કરનાર પૂ. શ્રી પાસે જ જવાનું મન થતું હતું. તેમને મળીને મન,મગજ અને હૃદય શાંત થઈ ગયું.અને એ જ વખતે મે પૂ. શ્રીને મારા પોતાના આરાધ્ય ગુરુદેવ તરીકે સ્વીકાર્યા-સ્થાપ્યા. ગુરુદેવે મને દીક્ષા આપી હોય કે નહીં તેની મને જાણ નથી પણ મેં તો તે જ વખતે સમર્પણ ભાવે માનસિક દીક્ષા સ્વીકારી જ લીધી.

પૂ. શ્રીની કૃપાથી દિવસે દિવસે સમર્પણ ભાવ વધતો જ જાય છે.અમારું આખું કુટુંબ સમર્પણ ભાવમાં જ રચ્યું પચ્યું રહે છે અને પૂ. શ્રીનો લાભ લઈને પોતાના જીવનને મોક્ષમાર્ગ તરફ ધપાવે છે.

શ્રી ગુરુદેવ પાસે જવાનું થયુ ત્યારથી આજદિન સુધી મેં તેઓશ્રીને કોઈપણ સવાલ કર્યો નથી. પ્રશ્ન જ ઊઠતો નથી. પૂ.શ્રીની કૃપા એટલી બધી છે કે પ્રશ્ન પછી હોય છે અને સમાધાન પહેલું હોય છે.પૂ.શ્રીના સાંનિધ્યમાં વધારેમાં વધારે સમય ગાળવાનું મન થતું. પૂ.શ્રીને મળ્યા પછી વિરહવેદના કેવી હોય તેનો સ્વાનુભવ થયો.વિરહવેદના તો એવી સતાવે કે પૂ.શ્રી જ્યાં પણ હોય ત્યાં પહોંચી જવાનું મન થતું. પણ પૂ.શ્રીની આજ્ઞા વગર ત્યાં જવાય જ શી રીતે ?

શ્રી ગુરુદેવ એક વખત આંબાવાડી (હનુમાનીયા) અનુષ્ઠાનમાં બેઠેલા ત્યારે ત્યાં દોડી જવાનું મન થયેલું પણ આજ્ઞા સિવાય જવું કેવી રીતે ? તે સમયે પૂ. શ્રીએ સમાચાર મોકલ્યા કે ડૉ. ને અહીં આવવું હોય તો ભલે આવે. રાહ જ જોવાની હતી.બપોરના સમયે

હનુમાનિયા જવા ઊપડ્યા.રાત્રીરોકાણ પણ ત્યાં જ થયું.રાત્રી દરમ્યાન વિચાર આવ્યો કે એવો કાર્યક્રમ ઘડવો જોઈએ કે જેથી ગુરુદેવ સાથે વધુ રહેવાનો મોકો મળે.પણ આ બધા વિચારો કહેવા કોને? એ પછી તો કેદારેશ્વર જવાનું થયું. જયાં પૂ.શ્રી સાથે થોડુ રહેવા મળ્યું. જયાં જયાં પૂ. શ્રી બે -પાંચ દિવસથી વધુ રોકાવાના હોય ત્યાં સાથે રહેવાનો લાભ મળતો.ગળતેશ્વર પણ એવો લાભ મળેલો.

કેદારેશ્વર પધારેલા ત્યારે રાત્રે બારેક વાગ્યે ઓટલા ઉપર બેઠા બેઠા સત્સંગ થયેલો.ત્યારે પૂ.શ્રીએ જણાવ્યું કે અમારી પાસે બધી પ્રકૃતિના ભક્તો આવતા હોય છે.તેમની સૌની સાથે હળીમળીને સાવધાનીપૂર્વક વર્તવું જોઈએ.બીજાથી આપણે છેતરાવું કે આપણને બીજા છેતરે તે ગુનો છે. એટલે ખૂબ સાવધાનીથી જીવવું જેથી આપણે પરેશાન થતા નથી કે આપણાથી બીજા કોઈ પણ પરેશાન થતા નથી.

એક વખત પૂ. શ્રીનાં દર્શને પૂ. વિનુભાઈ શાહ (ગુરુપ્રેમભિક્ષુજી) સાથે જવાનું થયું ત્યારે વાતવાતમાં પૂ. શ્રીએ જણાવ્યું કે આંબાવાડિયામાં પાંચ-સાત કુટીરની એક નાની શિબિર કરવા વિચાર છે. જેસંગપુરાવાળા શ્રી દલીચંદભાઈની ઈચ્છા અને આગ્રહ ઘણાં છે. આવી શિબિર ખેતરમાં જ થાય એવી અમારી ઈચ્છા છે. તે જ વખતે મને પૂ. શ્રીને કહેવાની ઈચ્છા થઈ ગઈ કે આપણા ખેતરમાં (પલિયડ) શિબિર કરીએ તો? પણ રજુઆત કેવી રીતે કરવી ? તેથી અમે પૂ.શ્રી વિનુભાઈને અમારી ઈચ્છા બતાવી કે આવી શિબિર પલિયડ કરીએ તો? વિનુભાઈ એ ખુશ થઈને પૂ.શ્રી આગળ આ વાત રજૂ કરી. ત્યારે પૂ.શ્રીએ અમારી આર્થિક પરિસ્થિતિ વિષે પૂછેલું પણ વિનુભાઈ તો ભાગવાનના માણસ, એ શું જવાબ આપે ?એમણે કાંઈ જવાબ આપેલો નહીં.

પૂ.શ્રી પલિયડનગર (નારણપુરા) પધારેલા. અને સંયુક્ત કુટુંબ (એ વખતે સાડત્રીસ માણસ એક જ રસોડે જમતા) જોઈ ખુશ ખુશ થયેલા. એ રીતે પૂ. શ્રીએ પરિસ્થિતિનો જાત અભ્યાસ કરેલો.

શ્રી વિનુભાઈ એ પૂ. શ્રીને જણાવ્યું કે ડૉકટરની ઈચ્છા છે કે આવી શિબિર તેમના પલિયડ ગામના ખેતરમાં થાય. પૂ. શ્રીએ જણાવ્યું કે અમને કોઈ વાંધો નથી પણ આની રજા આપણે દલીચંદભાઈ પાસેથી લેવી પડે.આ રજૂઆત અમથાબાપાને કરી તો તેઓ જેસંગપુરા જઈને રજા મેળવવા તૈયાર થઈ ગયા.

પૂ. ગુરુદેવ સાથે અમે, અમથાબાપા તથા બીજા ગુરુભાઈઓ સાથે જેસંગપુરા જવા ઊપડ્યા.જેસંગપમુરા એટલે શ્રી દલીચંદભાઈ પટેલનું ગામ, જયાં તેઓ ખેતી કરતા હતા.

દલીચંદભાઈ ભાઈઓ સાથે રહેતા હતા.તેમના પૂ. બા ખૂબ પ્રેમાળ હતાં. પૂ. ગુરુદેવને જોતાં તેઓ રાજી રાજી થઈ જતાં અને દીકરાઓ પણ હુકમ પર હુકમ છોડતાં. પૂ.શ્રી ગુરુદેવની સેવામાં રહેજ પણ ખામી આવે તે બા ને બિલકુલ પસંદ નહોતું.

જેસંગપુરા પહોંચતાની સાથે પૂજયશ્રીનું સ્વાગત થયુ,આરતી થઈ તેમજ પ્રાથમિક સરભરા પછી ગામના ભક્તજનો દલીચંદભાઈને ત્યાં એકઠા થયાં.પૂજયશ્રી આસન પર બિરાજ્યા. પૂ.શ્રીએ દલીચંદભાઈને કહ્યુ કે ડૉકટર અને તેમના પિતાશ્રી આપને વાત કરવા આવ્યા છે,રજા માગવા આવ્યા છે.

પૂ.પિતાશ્રી (અમથાબાપા) એ વાતનો દોર હાથમાં લેતાં જણાવ્યુ કે આપના ત્યાં ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર થવાની છે પણ જો આપની રજા હોય,અને પ્રેમથી હા પાડતા હો તો આ શિબિર પલિયડ મુકામે કરવા અમારી ઈચ્છા છે.અહીંયા તો પૂજયશ્રીનો પ્રચાર

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

સારો એવો છે,પણ અમારી બાજુ કોઈ જાણતું નથી.જો શિબિર પલિયડ મુકામે થાય તો શ્રી ગુરુદેવનો લાભ ત્યાંના લોકોને મળી શકે અને પૂજ્યશ્રીની વાણીનો પ્રચાર-પ્રસાર એ બાજુ પણ થાય. અમથાબાપાની રજૂઆત પ્રેમભરી હતી અને પોતાને લાભ લેવાની ખૂબજ હાર્દિક ઈચ્છા હતી. તેથી અંતે પૂ. પિતાશ્રી ઉપર ગુરુદેવની કૃપા થઈ અને ઉદાર દિલના શ્રી દલીચંદભાઈએ પ્રેમ અને આનંદથી રજા આપી. સત્ય ગુરુદેવની જયની સાથે સૌએ આ સ્વીકૃતિને વધાવી લીધી.અમારા પરની ગુરુકૃપાનું મનન કરતા સર્વે સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી સાથે વિખરાયા.

લોક-કલ્યાણ અર્થે પૂજ્યશ્રી આપણને જો નિમિત્ત બનાવે તો આપણે આપણું અહોભાગ્ય સમજવું જોઈએ.સૌએ  એવી વાતો સાથે સાથે પ્રસાદ લીધો.દલીચંદભાઈનો આભાર માની અમે અમદાવાદ આવ્યા.રજા મળ્યાની વાત કરતાં ઘરમાં આનંદનું મોજું પ્રસરી ગયું.કુટુંબના સર્વે સભ્યોને ખૂબ આનંદ થયો.પોતાનું કલ્યાણ કરવાની તક આપવા બદલ સૌએ પૂજ્ય ગુરુદેવનો આભાર માન્યો અને મનોમન વંદન કરતા રહ્યા.

શિબિર કરવાનું નક્કી થયા પછી તેનું આયોજન કરવા માટે સર્વે સાથે મળ્યા.

પૂજ્યશ્રીને ગમે તે રીતે બધું કરવાની સંપૂર્ણ કોશિશ રહેતી.પૂજ્યશ્રી જ સર્વે કર્તા-હર્તા છે તે તો વિશ્વાસ હતો જ છતાં મનુષ્ય સ્વભાવ પ્રમાણે આયોજનના વિચારો શરૂ થઈ ગયા.

એ સમયે મિત્રોમાં એક શ્રી દેવચંદભાઈ કે જેમને શિબિર જેવી વાતોમાં રસ પડે. વિરોધાભાસનો સામનો કરવાની શક્તિ ગુરુકૃપાએ અમારામાં હતી તેથી કોઈપણ પ્રકારના વિરોધો ટકી શક્યા નહીં. દેવચંદભાઈના સંપૂર્ણ સહકાર સાથે શિબિરની તૈયારીઓ થવા માંડી.

ઘરના સભ્યોની એક મિટીંગમાં અવું નક્કી થયું કે ડૉ.શ્રી કાન્તિભાઈ શિબિર દરમ્યાન દવાખાનું સંભાળશે અને અમદાવાદ ખાતેના ઘરની જવાબદારી સંભાળશે.પૂ.શ્રી મંગળભાઈ તથા પૂ.શ્રી.દાસભાઈ શિબિર માટેની કુટીરોનું આયોજન કરશે એટલે પ્લાનિંગનું કામ સંભાળશે.પૂ શ્રી નાથાભાઈ તથા પૂ.શ્રી કાકા(કરસનકાકા) શિબિર માટેની કુટીરો માટે ઘાસ તથા તેને બંધાવાની જવાબદારી સંભાળશે.અમારે ભાગે જનરલ આયોજન અને મુખ્ય સલાહકારનું કાર્ય આવ્યુ.અમારે સલાહકાર એટલે કે પૂજ્યશ્રી અને કુટુંબ વચ્ચેના સંપર્ક-સેતુ તરીકે કામ કરવાનું હતું. હતું ઘણું અઘરું કામ પણ જેનો સૂર્ય (ગુરુકૃપા) તપતો હોય તેને માટે બધું સરળ બની જાય છે.પૂ.ડાહીબેન તથા હીરાબેને કુટીરોમાં લીપવાનું માથે લીધું.ઘરના એકે એક સભ્યે નાનું-મોટું કામ પોતાના ખાતે લીધું.

સૌ પ્રથમ પ્લાનિંગ શરૂ થયું.સોળ વિઘાના ખેતરમાં એક ખેતર કુટિર બાંધવા માટે પસંદ કરવામાં આવ્યું.નકશા બનાવીને પૂજ્યશ્રીને બતાવવામાં આવતા.તેમાં સૂચવાતા ફેરફારો કરી ફરી બતાવવામાં આવતા.આમ અનેક ફેરફારો સાથે નકશા પ્રમાણે કામ શરૂ થયું.૨૧ મી ડિસે.શિબિરનો પ્રથમ દિવસ હતો.લગભગ ત્રણથી ચાર મહિના પહેલાં કામકાજની શરૂઆત થઈ.

ખેતરમાં કુટીરો બનાવવાની હોય ત્યારે કેટલાક સાવધાનીના વિચારો કરવા પડે.નકશા પ્રમાણે લગભગ પંચોતેર કુટીરો-સ્વતંત્ર કુટીરો બનાવવામાં આવી.આ કુટીરો ચારે બાજુથી સ્વતંત્ર પ્લોટ જેવી હતી.એટલે કે કુટીરની એકે દીવાલ બીજી કુટીરની દીવાલને અડકેલી નહોતી.શિબિર કરવાનું નક્કી થયા પછી ફક્ત ચાર એક

કુટીરો બનાવવાનું નક્કી થયેલું.શિબિર થવાની છે એવી વાત એમ્ પરિવારમાં પ્રસરતાં અન્ય ગુરુભાઈબહેનોએ શિબિરમાં જોડાવાનો લાભ આપવા વિનંતી કરી.અનેક વિનંતીઓ પછી પૂજ્યશ્રીએ ગુરુભાઈઓને લાભ લેવાની રજા આપી.જેમને લાભ લેવો હોય તેમને નામ નોંધાવાની આજ્ઞા કરી.શિબિરાર્થીઓની નોંધ રહે અને તેઓની વિગતો જાણવાના હેતુથી આમંત્રણપત્રિકાઓ છપાવવામાં આવી.એની સાથે ફોર્મ પણ મોકલવામાં આવ્યું.શિબિરનું નામ રાખવામાં આવ્યું ''શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર '' અને જે સ્થળ પસંદ કરવામાં આવ્યું તેનું નામ આપ્યું ''નિર્વિકલ્પ મુક્તિધામ''. શબ્દોની પસંદગી પૂ. શ્રીની હતી.

પૂ. શ્રીનો આશય હતો શિબિરાર્થીઓને શિબિર દ્વારા નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચાડવાનો,તેને અનુભવ કરાવવાનો.જે ગુરુદેવભાઈઓએ શિબિરમાં હાજરી આપી મુક્તિધામનું દશ્ય નિહાળ્યું હશે અને સાચા શિબિરાર્થી બન્યા હશે એમને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થયો હશે.આનંદદાયક અલૌલિક વાતાવરણ ઊભું થયું હતું. કારણ હતું પૂજ્યશ્રીની સાધનાનો નિચોડ.પલિયડની શિબિર વખતે બનાવેલા એક ભજનમાં પૂજ્યશ્રીએ ગાયું છે કે-

**હતું એટલું આપી દીધું છે.,**
**મુડી મુદ્‌લને વ્યાજ તમામ,**
**અભાગિયા જો તોય ન જાગે તો,**
**દોષ ન દેશો અમને રામ.**

ઉપરના ભજનમાં પૂજ્યશ્રીએ આપણને તમામ આપવાની કોશિશ કરી છે પણ આપણે પાત્ર ઊંધું લઈને બેઠા હોઈએ તો? એમણે તો આપણને એમની પાસે હતું એટલું જ આપવાની સંપૂર્ણ કોશિશ કરી પણ પછી આપણા બધાનાં જેવાં ભાગ્ય!

શિબિરાર્થીઓની સંખ્યા લગભગ એકસો પંચોતેર થઈ.એકસો પંચોતેરની સંખ્યાને સમાવવાની તૈયારીઓ થવા માંડી.કામ અઘરું હતું પણ કૃપાપાત્રને અઘરૃં શું? ડિસેમ્બરની ઠંડી અને ખેતરમાં જીવ-જંતુને ધ્યાનમાં રાખી પૂજ્યશ્રીની રાહબરી હેઠળ કામ આગળ ધપવા માંડ્યું. કૃપા શું કરી શકે એનું આ શિબિર એક ઉમદા ઉદાહરણ છે.

પરિસ્થિતિ બધી રીતે સારી પણ આગલા ઉનાળામાં આવેલા ખર્ચાઓને કારણે હાથવગો પૈસો મળે નહીં.નાના મોટા છ-સાત ખર્ચાના પ્રસંગો પસાર થઈ ગયેલા.આ વાતની પૂજ્યશ્રીને ખબર પડે તો? પણ અંતરયામીને શું ખબર ન હોય? એ સર્વે જાણતા હોય પણ આપણી પરીક્ષા કરતા હોય ? તેઓશ્રી પરીક્ષા કરે ય ખરા અને આપણી ગમે તેટલી ભૂલો હોય તોય પાસ પણ કરી દે! ભૌતિકગુરુ અને આધયાત્મિકગુરુ વચ્ચેનો ફર્ક આટલો જ છે. આમ તો ગુરુજી આગળ કશું છુપાવવું ન જોઈએ.અને સાથે સાથે આપણા ભૌતિક સુખ-દુઃખનાં રોદણાં પણ રોવાં ના જોઈએ.આપણા સુખદુઃખની અસર,ગુરુજનોના શરીર પર થતી હોય છે.આઘાત અને પ્રત્યાઘાતના નિયમ મુજબ તેઓને પણ મુશ્કેલીઓ સહન કરવી પડે છે.આપણે ક્ષણિક સુખ પ્રાપ્ત કરવા માટે આપણા દીર્ઘ સુખનો (મોક્ષનો) ભોગ આપવો ના જોઈએ.કુબેરભંડારી પાસે પાંચ-પચ્ચીસની માંગણી ન કરતાં આપણી પાત્રતા પ્રમાણે તેઓ જે આપે તે સ્વીકારવું જોઈએ, તો જ આપણે સાચા શિષ્ય કહેવાઈએ. આપણને વગર માંગણીએ જ મળતું રહે ત્યારે આપણો પ્રેમ સાચો કહેવાય.આપણે સર્વે કાંઈ પણ માંગણી ન કરતાં પૂજ્યશ્રી જે આપે તે રાંક બનીને સ્વીકારીએ.

શિબિરના આયોજનની શરૂઆત થઈ ગઈ હતી.પૂજ્યશ્રીને કાંઈ પૂછવું હોય તો પૂછવું કેવી

રીતે?આપણે પૂછીએ અને ગુરુજીને દુઃખ થાય તો ? એટલે માધ્યમ તરીકે પૂ.શ્રી. વિનુભાઈને સ્વીકારેલા, જેમને આપણે ગુરુ-પ્રેમભિક્ષુજી તરીકે ઓળખીએ છીએ.પ્રેમભિક્ષુજી તરીકે ઓળખીયે છીએ.પ્રેમભિક્ષુજી એટલે ભગવાનના માણસ.આપણને એમ કહ્યું હોય કે હું પૂછી રાખીશ પણ જ્યારે મળીએ ત્યારે વાત એમની એમ જ હોય.શિબિરની પૂર્વ તૈયારીઓ રૂપે પૂજયશ્રીને અનેક બાબતે પૂછવું જરૂરી હતું.હું અને દેવુભાઈ વિનુભાઈને ત્યાં રાત્રે ૧૧-૦૦ વાગે જતા ત્યારે તેઓ આવ્યા ન હોય, અને તેઓ કેટલા વાગ્યે મળે તેવું નક્કી નહીં. કોઈક મળી ગયું હોય તો બે,ત્રણ કે ચાર વાગેય આવે. એક વખત સવારે પાંચ વાગે આવેલા.આ પરિસ્થિતિમાં મણીનગરથી નારણપુરા પાછા આવવાનું શક્ય નહોતું.અમે બંને જણા સામાવજિક મર્યાદા જાળવવાના ખૂબ આગ્રહી એટલે વિનુભાઈ નથી આવ્યા એમ સાંભળીને પાછા વળી જતા,વસુબેનનો ખૂબ આગ્રહ હોવા છતાં અમે ઘરમાં પ્રવેશતા નહીં. ઓટલા પર બંને જણ બેસીએ.ત્યાંથી કંટાળીએ એટલે થોડા આંટા મારીએ.વળી પાછા આવીએ છતાં આવેલા ન હોય તો નવા મકાન બનાવવા માટે લાવેલી નદીની રેતીના ઢગલા પર બહાર સૂઈ જઈએ.આખા દિવસની દોડાદોડ અને દેવુભાઈને પણ ધંધાની શરૂઆત હતી એટલે ઊંઘ એવી મીઠી આવે કે ત્રણ-ચાર વાગતાં વાર ન લાગે.ઊંઠીએ અને વિનુભાઈ આવ્યા હોય તો પૂછીએ કે શું થયું ? ત્યારે જવાબ મળે કે 'આજ તો દર્શને ગયો નહોતો.'ચારેક વાગે ઘેર આવી સૂઈ જઈએ. અને સવારે આઠેક વાગે તૈયાર થઈને દવાખાને શરૂ થઈ જઈએ.એક-બે વાગે દવાખાનું બંધ કરીને અમારા ગામ પલિયડ જવાનું હોય, કોઈક વખત પૂ.શ્રી ગુરુદેવ પાસે જવાનું હોય કે શિબિર માટેની ખરીદી હોય. છ વાગ્યા સુધીમાં બધું પતાવી પાછા સાડા છએ દવાખાને.લગભગ દસેક વાગે દવાખાનાનું કામ પતાવી રાત્રે વિનુભાઈને ત્યાં અથવા રાત્રે પલિયડ જવાનું થતું.તયાં બધા સાથે વાતચીત કરી સવારના ચારેક વાગે પાછા ફરતા.

બપોરના સમયમાં ધજાઓ, પોસ્ટરો, ખરીદી, ગુરુજીને ત્યાં જવાનું,પલિયડના કામકાજે પલિયડ જાનું, પત્રિકાઓ છપાવવી,તેને લખવી અને આવેલા ફોર્મની નોંધણી કરવી વગેરે કામો કરતા. અમે એ સમય દરમ્યાન રાત્રે બે થી ત્રણ કલાકની ઊંઘ લીધી હશે.અમને યાદ નથી કે થાક લાગ્યો હોય કે ઉજાગરો દેખાણો હોય.પ.પૂ.ગુરુદેવની કૃપા તો ખરી જ,પણ જે કામમાં આપણને રસ હોય,આનંદ હોય તે કામ કરવાથી આપણને કયારેય થાક લાગતો નથી.

મનુષ્યો પોતાના આનંદ માટે અનેક પ્રવૃત્તિઓ કરતા હોય છે.પૈસા કમાવા લોકો રાતદિવસ મહેનત કરે,પહેલવાનો કસરત કરે,સાધકો સાધના કરી આધ્યાત્મિક ઉન્નતિ વિ.કરવા મહેનત કરે,સતત કાર્યરત રહ્યા છતાં પણ એમને થાક લાગતો નથી.એમ અમને પણ થાક લાગતો નહોતો અને અત્યારે પણ થાક લાગતો નથી. વિનુભાઈને ત્યાં રાત્રે જતા ત્યારે ઘણી વખત વરસાદ પણ આવતો.રેત પર સૂતેલા હોઈએ અને વરસાદ આવે.આખા પલળી જઈએ તોય ઊંઘ ન ઊડે.વિનુભાઈ જુએ અને કહે આટલા બધા પલળી ગયા તોય ખબર ન પડી. ત્યારે અમે રમુજી અને રહસ્યમય જવાબ દેતા કે અરે ભાઈ !પલળવા તો નીકળ્યા છીએ અને જયાં સુધી સંતોષજનક ન પલળીએ ત્યાં સુધી પ્રયત્ન કરતા જ રહીશું. ગુરુદેવને એટલી જ પ્રાર્થના કે અમે જે કાર્ય માટે નીકળ્યા છીએ તે પૂરું કરવા માટે અમને યોગ્ય બનાવે.ઊઠીએ ત્યારે મોં ધોવાની પણ જરૂર નહી, એકદમ તૈયાર,સરહદના સૈનિકની જેમ.

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

શ્રી દેવુભાઈનો અથાગ પરિશ્રમ, અમારી સાથેને સાથે હોય.હંસાબેન તો ઘેર એકલાં હોય,એમની સાથે એમની નાની બેબી હોય પણ હંસાબેને દેવુભાઈને કયારેય મારી સાથે આવતાં રોક્યા નથી.ઘણી વખત રાતોની રાતો આમ જ જતી. જ્યારે મોડું થયું હોય ત્યારે નીરુબેનની પાસે આવતાં.અને અમે આવ્યા ન હોઈએ એટલે શાંતિથી બેસતાં.આમ હંસાબેનનો સહકાર ઘણો જ રહ્યો.

નીરુબેનનું શબ્દોમાં વર્ણન થઈ શકે તેમ નથી.એક વખત ગુરુજીએ કહેલું કે ''તાત્ત્વિક રીતે જોતાં જગતમાં પારકું કોઈ જ નથી.જગતના બધાં જ બાળકો,બધાંજ મા-બાપ,બધાંજ ભાઈ-બહેન પોતાના જ છે..'' ઉપરોક્ત ઉત્તમ સમજણ નીરુબેનમાં છે.નીરુબેનને કોઈ જ પારકું લાગતું નથી.તેઓ સાક્ષાત્ ત્યાગમૂર્તિ જ છે. પોતાના માટે કશુંય ન રાખતાં બીજાને કેવી રીતે આપવું એમાં જ તેઓ રચ્યાં-પચ્યાં હોય છે.આજની તારીખમાં પણ એમનો એ જ સ્વભાવ છે.એટલે જ નીરુબેન,ગુરુદેવનો પ્રેમ-વાત્સલ્ય સંપાદન કરી શક્યાં છે.અને અમનેએમના સહકારથી ગુરુજી સાથે રહેવાનો દિવ્ય લાભ મળ્યો છે. ઓમ્ પરિવાર માટેની એમની ભાવના ઊંચી છે. અને એમનો સાથ-સહકર આજે પણ એવો જે એવો જ છે.કોઈપણ જાતની ફરિયાદ કે ઇચ્છા વગર જ કર્મ કરે જવાની તેમની રીત અનોખી છે.કોઈપણ કામ કાટે તૈયાર જ હોય.અને કામ પણ હસતામુખે જ કરે.મને એમ લાગે છે કે જન્મોજન્મનાં પૂણ્ય હોય ત્યારે આવાં પત્ની મળે.

દુનિયામાં હું બે વ્યક્તિથી ડરું છું. એક તો મારા ગુરુદેવથી.મને પૂજ્યશ્રી પાસેથી જે પ્રેમ મળ્યો છે એનું વર્ણન થઈ શકે તેમ નથી.મારા કોઈપણ કાર્યથી કે વર્તનથી એમને નીચું જોવું ન પડે કે તેમને ઓછુ ન આવે તેની સતત હું કાળજી રાખું છું.તેના માટે સતત પ્રયત્નશીલ રહું છું.મારી લાયકાત વિષયમાં,પૂ.શ્રીએ મારામાં જે શ્રધ્ધા અને વિશ્વાસ મૂક્યાં છે તેમાં હું રત્તીભર પણ ઊણો ન ઊતરુ તેવી શક્તિ અને સમજણ,ઓમ્પરમાત્મા મને આપે તેવી પ્રાર્થના કરુ છું.મારા ગુરુદેવને મારાથી અજાણતાં રખે પણ કદી અસંતોષ થઈ જશે તો?બસ,આ સિવાય મને બીજો એકે ડર નથી.મારુ જીવન અને વર્તન એવું હજો કે હું તેઓશ્રીને કદી પારકો ન લાગું કે જેથી તેઓશ્રી મને કડવું સત્ય કહેવામાં કદી સંકોચ ન અનુભવે અને જેથી મને કલ્યાણ-માર્ગમાં મક્કમતાપૂર્વક આગળ ધપાવી શકે.

બીજી બીક મને મારાં ધર્મપત્નીની લાગે છે અને એનું કારણ પણ ઉપરોક્ત જ છે. પ્રામાણિક,સાથ-સહકાર આપવાની ભાવનાવાળાને દુઃખ કે અસંતાષ ન થાય તેવો હું સતત પ્રયત્ન કરુ છું. બાકી દુનિયામાં મને કોઈનોય ડર નથી,બીક નથી.મૃત્યૃનો પણ ભય નથી.ડર રાખવાની જરૂર જ કયારે હોય ?જીવનમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કામ સદ્ગુરુ મેળવવાનું છે. અને એ કામ ઓમ્ ભગવાનની દયાથી સંપૂર્ણ થયું છે.વળી ઘરનાં તમામે તમામ સ્વજનોનો સાથ-સહકાર મળતો હોય તેને ડર શાનો હોય ?

પૂ.શ્રી પાસે જઈને કામકાજની રૂપરેખા રજૂ કરીએ અને એમના હાવભાવ પરથી અનુમાન કરવાનું કે પૂ.શ્રીને આ ગમ્યું હશે કે નહીં.અને ઘણી વખત એવું પણ બને કે તેમને ન ગમેલી વસ્તુ આપણને ગમેલી જણાય!

શિબિર દરમ્યાન,અમારાથી ઘણાં કામ અધૂરાં રહેલાં જે ગુરુજીને કદાચ ન ગમ્યું હોય છતાં પૂ.શ્રીએ ઉદારતાથી ચલાવી લીધેલું.

(વધુ આવતા અંકે)

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ॐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (3) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

● પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.
● "ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

- રુતમ્ભરા સંપાદન સમિતિ

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય (પરદેશમાં) ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) ... | $ | ૧૫૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

*ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)*
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
☎ ૦૭૯ ૨૭૯૧૧૧૯૫
મિનિષ પટેલ ૯૮૨૫૪૪૩૬૪૨

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91
**Published on Every 3 Months**

***આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા***
***પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી***

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**
(Reg. No. E/4416 Date 11-5-81)

**From** : 3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
**Printed at** : Shardul Printing Press
**Hon. Editor** : Minish Patel

I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

પ્રતિ,

Web : www.yogabhikshu.org
E-mail : aumparivar@yahoo.com

Facebook : yogabhikshu.aumparivar